**<u>ક્રિમીનલ અપીલ નંબરઃ– ૧૦૦/૨૦૨૪.</u>**

**// <u>આંક – ૪ ની અરજી લગત હુકમ</u> //**

(૦૧) અરજદારની અરજી વંચાણે લીધી તથા વિ.વકીલશ્રીને સાંભળ્યા. વિવાદી/આરોપીએ રૂપિયા ૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સદ્ધર જામીન રજુ કર્યેથી તેમજ તેટલીજ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી જામીન મુક્ત કરવા. વિવાદી/આરોપીએ નીચેની શરતોનું પાલન કરવું. જેથી નીચેની કોર્ટનો સજાના હુકમ સહીતનો સમગ્ર આખરી હુકમનો અમલ આ અપીલના આખરી નિર્ણય સુધી મોકુફ રાખવાનો હુકમ કરવામાં આવે છે. વિવાદી/આરોપીએ જામીન નીચેની કોર્ટમાં આપવાના રહેશે.

**<u>// શરતો //</u>**

(૧) વિવાદી/આરોપીએ નવા સુધારા મુજબ ચેકની/વળતરની રકમની ૨૦% રકમ ટ્રાયલ કોર્ટમાં દિન–૧૫ (પંદર) માં ડીપોઝીટ કરાવવી.

(૨) વિવાદી/આરોપીએ અપીલની ટ્રાયલ વખતે નિયમીત કોર્ટમાં હાજર રહેવું.

(૩) વિવાદી/આરોપીએ પોતાનું કાયમી સરનામું તથા જો મોબાઈલ ફોન ધરાવતા હોય તો મોબાઈલ ફોનનો નંબર રજુ કરવો અને તે અદાલતની પુર્વ પરવાનગી વગર બદલવો નહીં. વિવાદી/આરોપીએ રજુ કરેલ સરનામું આ અપીલની ટ્રાયલ દરમ્યાન તેમનું કાયમી સરનામું ગણાશે.

– સંબંધીત અદાલતે વળતરની રકમ જમા થયેથી બીજો હુકમ ના થાય ત્યાં સુધી રાષ્ટ્રીયકૃત બેંકમાં ફીક્સ ડીપોઝીટ તરીકે રાખવી.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૪/૦૭/૨૦૨૪

પાટણ.

(બીપીન કે.બારોટ)
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
<u>પાટણ</u>
જજ કોડ નં.જીજે ૦૦૫૬૬

"એચ.એમ.ઠાકર"